# IOAએ એડ-હૉક કમિટીનું વિસર્જન કર્યું, WFIએ ચાર્જ સંભાળ્યો

**રાષ્ટ્રીય** ફેડરેશનનું સંચાલન ચૂંટણી જીતનાર કમિટીને સોંપવા બદલ ડબલ્યુએફઆઇના વડા સંજય સિંહે આઇઓએનો આભાર માન્યો

**યુડબલ્યુડબલ્યુ** દ્વારા ડબલ્યુએફઆઇ પર લદાયેલો પ્રતિબંધ હટાવવાની સાથે પસંદગીના ટ્રાયલ્સને સફળ આયોજનને પગલે નિર્ણય લેવાયો : આઇઓએ

નવી દિલ્હી, તા. 18 (પીટીઆઇ) : રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડબલ્યુએફઆઇ) પરનું સસ્પેન્શન હટી ગયા બાદભારતીય ઓલિમ્પિક એસોસિએશન (આઇઓએ)એ રેસલિંગની દેખરેખ માટે નીમેલી એડ-હોક સમિતિને ભંગ કરી દીધી છે અને તેને પગલે હવે રેસલિંગનો સંપૂર્ણ વહીવટી નિયંત્રણ ડબલ્યુએફઆઇને હસ્તક થયો છે. આઇઓએએ કહ્યું હતું કે નેશનલ ફેડરેશનનું સસ્પેન્શન રદ થયા પછી રમત પર દેખરેખ માટે એડ-હોક સમિતિની કોઈ જરૂર નથી.

આઇઓએએ કહ્યું હતું કે એડ-હોક કમિટીએ ડબલ્યુએફઆઇ સાથે મળીને આગામી મહિને યોજાનારી ઓલિમ્પિક્સ ક્વોલિફાઈંગ ટુર્નામેન્ટ માટે પસંદગીની ટ્રાયલ સફળતાપૂર્વક હાથ ધરી હતી. રમતગમત મંત્રાલયે ડિસેમ્બરમાં ડબલ્યુએફઆઇને સસ્પેન્ડ કર્યા પછી એડ-હોક કમિટીની રચના થઇ હતી. જો કે, જ્યારે રમતની વૈશ્વિક સંસ્થા યુનાઇટેડ વર્લ્ડ રેસલિંગે ફેબ્રુઆરીમાં ડબલ્યુએફઆઇ પરથી સસ્પેન્શન ઉઠાવી લીધા પછી તેઓએ ફરી દાવો કર્યો હતો.

આઈઓએએ 10 માર્ચે જારી કરેલા આદેશમાં જણાવ્યું હતું કે માનનીય દિલ્હી હાઈકોર્ટના નિર્દેશો પર આઇઓએ દ્વારા નિયુક્ત એડ-હોક કમિટીને વિખેરી નાખવાનો નિર્ણય યુડબલ્યુડબલ્યુ દ્વારા રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા પર લાદવામાં આવેલા પ્રતિબંધને હટાવીને પસંદગીના ટ્રાયલ્સને સફળતાપૂર્વક પૂર્ણ કરવાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.

ડબલ્યુએફઆઈના વડા સંજય સિંહે ચૂંટણી જીતનાર સમિતિને રાષ્ટ્રીય મહાસંઘનું સંચાલન સોંપવા બદલ આઈઓએનો આભાર માન્યો હતો. અમે ડબલ્યુએફઆઈ પર સંપૂર્ણ નિયંત્રણ આપવા માટે આઈઓએનો આભાર માનીએ છીએ. અમે રેસલર્સને તમામ સુવિધાઓ પૂરી પાડીશું. અમે ટૂંક સમયમાં રાષ્ટ્રીય શિબિરોનું આયોજન કરીશું અને જો રેસલર્સ વિદેશમાં પ્રેક્ટિસ કરવા માંગતા હોય તો અમે એ સુવિધા પણ આપીશું. હવે સમગ્ર ધ્યાન ઓલિમ્પિક્સ પર છે. અમને આશા છે કે અમારા પાંચ-છ રેસલર્સ ક્વોલિફાય થશે.

# અલ્કારેઝે મેદવેદેવને હરાવી ઇન્ડિયન વેલ્સમાં ટાઇટલ જાળવી રાખ્યું, મહિલા સિંગલ્સમાં સ્વીટેક ચેમ્પિયન

**નોવાક** જોકોવિચે સતત ત્રણવાર અહીં ટાઇટલ ડિફેન્ડ કર્યા પછી કાર્લોસ અલ્કારેઝ ટાઇટલ જાળવી રાખનાર પ્રથમ ખેલાડી બન્યો



ઇન્ડિયન વેલ્સ, તા. 18 : બીએનપી પારિબાસ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની મેન્સ સિંગલ્સની ફાઇનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન કાર્લોસ અલ્કારેઝે દાનિલ મેદવેદેવને 7-6, 6-1થી હરાવીને ગયા વર્ષે વિમ્બલડન ચેમ્પિયન બન્યા પછી તેનું પ્રથમ ટાઇટલ જીત્યું હતું. મહિલા સિંગલ્સમાં ટોચની ક્રમાંકિત ઇગા સ્વીટેકે મારિયા સકારીને હરાવીને ટાઇટલ જીત્યું હતું.

અલ્કારેઝ જમણા પગની ઘૂંટીમાં ઈજા સાથે અહીં પહોંચ્યો હતો. આખી ટુર્નામેન્ટમાં તેના પ્રદર્શન અંગે શંકા હતી પરંતુ તે સતત બીજા વર્ષે ચેમ્પિયન બનવામાં સફળ રહ્યો હતો.

નોવાક જોકોવિચ 2014 થી 2016 સુધી સતત ત્રણ વખત ચેમ્પિયન બન્યા પછી તે ટાઇટલનો બચાવ કરનાર પ્રથમ ખેલાડી છે. આ તરફ મહિલા સિંગલ્સની લગભગ એક કલાક સુધી ચાલેલી ફાઇનલમાં ઇંગા સ્વીટેકે મારિયા સકારીને 6-4, 6-0થી હરાવીને ટાઇટલ જાળવી રાખ્યું હતું. 12-દિવસની આ ટુર્નામેન્ટ દરમિયાન સ્વીટેકે છ મેચોમાં માત્ર 21 ગેમ ગુમાવી છે. આ વર્ષે 22 મેચોમાં સ્વાઇટેકની આ 20મી જીત છે.



# વિરાટ કોહલી ચિન્નાસ્વામી સ્ટેડિયમ પર રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના પ્રેક્ટિસ કેમ્પમાં જોડાયો

**વિરાટ** કોહલીએ વોર્મઅપ દરમિયાન ચિન્નાસ્વામી સ્ટેડિયમનો રાઉન્ડ લીધો, ડુ પ્લેસિ પણ તેની સાથે જોડાયો

બેંગલુરુ, તા. 18 (પીટીઆઇ) : સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ 22 માર્ચથી શરૂ થનારી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) પહેલા સોમવારે અહીં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી)ના પ્રેક્ટિસ સેશનમાં ભાગ લીધો હતો. કોહલી પોતાના બીજા બાળકના જન્મને કારણે દેશની બહાર હતો. તે રવિવારે જ ભારત પહોંચ્યો હતો.

ભારત અને આરસીબીના માજી કેપ્ટન ચિન્નાસ્વામી સ્ટેડિયમનો રાઉન્ડ મારતો જોવા મળ્યો હતો. ટીમના કેપ્ટન ફાફ ડુ પ્લેસિએ પણ પ્રેક્ટિસ સેશનમાં ભાગ લીધો હતો. આરસીબી હજુ સુધી આઈપીએલ ટાઈટલ જીતી શક્યું નથી. શુક્રવારે ચેન્નાઈમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે આઈપીએલની હાલની સિઝનની પ્રથમ મેચ રમાશે. આ ટૂર્નામેન્ટમાં કોહલીના પ્રદર્શન પર દરેકની નજર રહેશે કારણ કે આઈપીએલ પછી ટૂંક સમયમાં જ અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં ટી-20 વર્લ્ડ કપ રમાવાનો છે.

35 વર્ષીય ખેલાડીએ આ વર્ષની શરૂઆતમાં અફઘાનિસ્તાન સામે વર્લ્ડકપ 2022 પછી તેની પ્રથમ ટી-20 મેચ રમી હતી. રોહિત શર્માએ પણ આ સીરિઝમાં પુનરાગમન કર્યું હતુ અને એવી શક્યતા છે કે તે 1 જૂનથી શરૂ થઈ રહેલા ટી-20 વર્લ્ડકપમાં ભારતીય ટીમનું નેતૃત્વ કરશે.

# IPL રમવા કેએલ રાહુલને NCA તરફથી લીલી ઝંડી

**કેએલ** રાહુલ જો કે શરૂઆતની મેચોમાં વિકેટકીપિંગથી દૂર રહી શકે, તેના સ્થાને પૂરન કે ડિ કોક વિકેટકીપીંગ કરશે



નવી દિલ્હી, તા. 18 (પીટીઆઇ) : લખનઉ સુપર જાયન્ટ્સના કેપ્ટન કેએલ રાહુલને ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં રમવા માટે નેશનલ ક્રિકેટ એકેડમી (એનસીએ) તરફથી મંજૂરી મળી ગઈ છે, પરંતુ તેને શરૂઆતમાં વધારે કામનો બોજ ન લેવાની સલાહ આપવામાં આવી છે.

હૈદરાબાદમાં ઈંગ્લેન્ડ સામે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચ દરમિયાન રાહુલ ફરી ઈજાગ્રસ્ત થયો હતો. ત્રીજી મેચ માટે તે ટીમ સાથે જોડાય તેવી શક્યતા હતી પરંતુ સ્નાયુઓ જકડાઈ જવાને કારણે તે બાકીની મેચોમાં રમી શક્યો ન હતો. રાહુલે એનસીએમાં બેટિંગ, વિકેટકીપિંગ ડ્રિલ અને આઉટફિલ્ડમાં ફિલ્ડિંગની પ્રેક્ટિસ કરતો વીડિયો પોસ્ટ કર્યો હતો.

બીસીસીઆઈના સૂત્રોએ નામ ન આપવાની શરતે પીટીઆઈને જણાવ્યું હતું કે એનસીએએ રાહુલને રમવાની મંજૂરી આપી દીધી છે અને તે ગુરુવારે લખનઉમાં ટીમ સાથે જોડાશે. લખનઉની ટીમ પોતાની પ્રથમ મેચ 24 માર્ચે જયપુરમાં રાજસ્થાન રોયલ્સ સામે રમશે. તેને શરૂઆતમાં વિકેટકીપિંગ ન કરવાની સલાહ આપવામાં આવી છે અને તે શરૂઆતની મેચોમાં શુદ્ધ બેટ્સમેન તરીકે રમશે.

જો કે, લખનઉ તેની વિકેટકીપિંગ બાબતે ચિંતિત નથી કારણ કે તેમની પાસે દક્ષિણ આફ્રિકાનો ક્વિન્ટન ડી કોક અને વેસ્ટ ઈન્ડિઝનો નિકોલસ પૂરનના રૂપમાં બે સારા વિકેટકીપર છે. પુરન આ વર્ષે ટીમમાં વાઈસ કેપ્ટનની ભૂમિકા પણ નિભાવશે.

# પંતને વાપસી પર IPLની શરૂઆતમાં અસ્ખલિત બેટિંગ કરવામાં મુશ્કેલી પડશે : ગાવસ્કર

**ગુજરાતમિત્રના** કોલમિસ્ટના મતે પંતે થોડું ક્રિકેટ રમ્યુ છે અને થોડી પ્રેક્ટિસ પણ કરી છે છતાં અસ્ખલિત બેટીંગ કરવી મુશ્કેલ બનશે



નવી દિલ્હી, તા. 18 (પીટીઆઇ) : ભારતના મહાન ક્રિકેટર અને ગુજરાતમિત્રના કોલમિસ્ટ સુનીલ ગાવસ્કરને લાગે છે કે ઋષભ પંત માટે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની શરૂઆતમાં તેની શ્રેષ્ઠ અસ્ખલિત લયમાં આવવું ખૂબ મુશ્કેલ હશે પરંતુ તેઓ માને છે કે જ્યારે તેના ઘૂંટણ સારા થશે ત્યારે મેચની સ્થિતિ અનુસાર તે બેટીંગ કરશે.

ડિસેમ્બર 2022માં કાર અકસ્માતમાં ખરાબ રીતે ઘાયલ થયેલો પંત 14 મહિના પછી સ્પર્ધાત્મક ક્રિકેટમાં પાછો ફરશે, જેના માટે દિલ્હી કેપિટલ્સના કેપ્ટને સખત પુનર્વસન કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ગાવસ્કરે સ્ટાર સ્પોર્ટ્સને કહ્યું હતું કે તેની વાપસી ખૂબ મુશ્કેલ હશે. પરંતુ સારી વાત એ છે કે તેણે થોડું ક્રિકેટ રમ્યું છે. તેણે થોડી પ્રેક્ટિસ કરી છે. પણ તેને અસ્ખલિત બેટિંગ કરવી થોડી મુશ્કેલ હશે. ,

ગાવસ્કરે કહ્યું હતું કે જ્યારે તમે ઘૂંટણની ઈજા વિશે વાત કરો છો, ત્યારે ઘૂંટણમાં થતી હિલચાલને અસર થાય છે. વિકેટકીપિંગ પણ મુશ્કેલ છે પરંતુ બેટિંગમાં ઘૂંટણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેથી, શક્ય છે કે શરૂઆતમાં આપણને ઋષભ પંતની એ જ અસ્ખલિત બેટિંગ જોવા ન મળે જે આપણે જોતા હતા.




# મુંબઇ ઇન્ડિયન્સમાં રોહિતની ભુમિકા અંગે હાર્દિક બોલ્યો, તે મને માર્ગદર્શન આપતો રહેશે

**મુંબઇ** ઇન્ડિયન્સે અત્યાર સુધી જે કંઇ હાંસલ કર્યું છે તે રોહિતની કેપ્ટનશીપ હેઠળ થયું છે અને મારે માત્ર પ્રક્રિયાને આગળ વધારવાની છે : હાર્દિક

મુંબઈ, તા. 18 (પીટીઆઈ) : મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ સોમવારે કહ્યું હતું કે તેનો પુરોગામી રોહિત શર્મા ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની આગામી સિઝનમાં તેનો માર્ગદર્શક બની રહેશે. છેલ્લી બે સિઝનમાં ગુજરાત ટાઇટન્સનું નેતૃત્વ કરનાર પંડ્યા 2024ની સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સનું નેતૃત્વ કરશે. પાંચ ટાઈટલ જીતનાર મુંબઈ ઈન્ડિયન્સે આશ્ચર્યજનક રીતે રોહિતને કેપ્ટન પદેથી હટાવીને પંડ્યાને આ જવાબદારી સોંપી હતી.

પંડ્યાએ અહીં એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે આમાં પહેલા કરતાં કંઈ અલગ નહીં હોય તે હંમેશા મારી મદદ માટે હાજર રહેશે. આ ટીમે અત્યાર સુધી જે કંઈ હાંસલ કર્યું છે તે તેની કેપ્ટનશીપ હેઠળ થયું છે અને મારે માત્ર પ્રક્રિયાને આગળ વધારવાની છે. તે મને સમર્થન અને માર્ગદર્શન આપવાનું ચાલુ રાખશે.

રોહિતને કેપ્ટનશિપની જવાબદારીમાંથી મુક્ત કર્યા બાદ પ્રશંસકોની પ્રતિક્રિયા વિશે પૂછવામાં આવતા તેણે કહ્યું કે, અમે ચાહકોનું સન્માન કરીએ છીએ. તેની સાથે અમે રમત અને જે જરૂરી છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. હું જે વસ્તુઓ હાથમાં છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કરું છું. ચાહકોને દરેક અધિકાર છે અને હું તેમના અભિપ્રાયનું સન્માન કરું છું.

તેણે કહ્યું હતું કે મારા શરીર સાથે કોઈ સમસ્યા નથી, હું તમામ મેચ રમવાની યોજના બનાવી રહ્યો છું. હું ટેકનિકલી ત્રણ મહિના માટે બહાર હતો.

તે એક વિચિત્ર ઈજા હતી અને મારી અગાઉની ઈજા સાથે તેને કોઈ લેવાદેવા નથી. બોલ રોકવાના પ્રયાસમાં હું ઘાયલ થયો હતો.

# એમબાપ્પેની હેટ્રિકથી પીએસજીએ મોન્ટપેલિયરને 6-2થી હરાવ્યું

**એમ્બાપ્પેએ** આ સિઝનમાં 24 ગોલ સાથે સર્વાધિક ગોલ કરનારો ખેલાડી બનવાની સાથે પીએસજી વતી તેણે કરેલા ગોલની સંખ્યા 250 સુધી પહોંચાડી



પેરિસ, તા. 18 : કાલિયન એમબાપ્પેની હેટ્રિકની મદદથી, પેરિસ સેન્ટ-જર્મન (પીએસજી)એ લીગ વન ફૂટબોલમાં મોન્ટપેલિયરને 6-2થી હરાવ્યું હતું. આ જીત સાથે, પીએસજીએ ફ્રાન્સની ટોચની સ્થાનિક લીગના ટેબલમાં પ્રથમ સ્થાને પોતાનું સ્થાન મજબૂત કરીને બ્રેસ્ટ પર 12 પોઈન્ટની સરસાઇ મેળવી લીધી હતી.

એમબાપ્પેએ મેચની 22મી મિનિટે પોતાનો પહેલો ગોલ કર્યો હતો. તેણે બીજા હાફમાં બે ગોલ કર્યા અને પીએસજી વતી તેણે કરેલા ગોલની સંખ્યા 250 સુધી પહોંચાડી દીધી હતી. તે વર્તમાન સિઝનમાં 24 ગોલ સાથે સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બન્યો છે. આ મેચમાં વિતિન્હાએ પીએસજીનું ખાતું ખોલાવ્યું હતું જ્યારે લી કાંગ-ઇન અને નુનો મેન્ડિસે પણ ગોલ કર્યા હતા.

રીમ્સ, મોનાકો અને રેન્સ સાથે ડ્રો કર્યા પછી પીએસજી માટે ચાર લીગ મેચોમાં તે પ્રથમ લીગ જીત હતી. લીગમાં હજુ આઠ રાઉન્ડની મેચો બાકી છે. પીએસજીના 59 પોઈન્ટ, બ્રેસ્ટના 47 અને મોનાકોના 46 પોઈન્ટ છે. અન્ય મેચોમાં, બ્રેસ્ટને લીલી દ્વારા 1-1થી ડ્રો રાખવામાં આવી હતી જ્યારે મોનાકો અને લોરિએન્ટ 2-2થી ડ્રોમાં સમાપ્ત થયા હતા. રેન્સે માર્સેલીને 2-0થી, ક્લેરમોન્ટે લે હાવરેને 2-1થી અને રીમ્સે મેટ્ઝને 2-1થી હરાવ્યું હતું.

## લા લીગામાં બાર્સેલોનાએ એટ્લેટિકો મેડ્રિડને 3-0થી હરાવી ટેબલમાં બીજા સ્થાને પહોંચ્યું



મેડ્રિડ, તા. 18 : બાર્સેલોનાએ સ્પેનની ટોચની સ્થાનિક ફૂટબોલ લીગ લા લિગામાં રવિવારે અહીં એટલાટિકો મેડ્રિડને 3-0 થી હરાવ્યું હતું. બાર્સેલોના માટે જોઆઓ ફેલિક્સ, રોબર્ટ લેવાન્ડોવસ્કી અને ફર્મિન લોપેઝે ગોલ કરતાં ટીમ એટ્લેટિકો સામે સતત પાંચમી જીત નોંધાવવામાં સફળ રહી હતી. આ જીત સાથે બાર્સેલોના 29 મેચમાં 64 પોઈન્ટ સાથે ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગઈ છે. બાર્સેલોના સક્ષમ રિયલ મેડ્રિડથી આઠ પોઈન્ટ પાછળ છે. મેચ પહેલા, મેટ્રોપોલિટન સ્ટેડિયમની બહાર એટ્લેટિકોના ચાહકોએ ફેલિક્સની જર્સી સળગાવી અને તેના નામની તકતી પણ તોડી નાખી. જો કે, પોર્ટુગીઝ ખેલાડીએ તેની માજી ટીમ સામે મેચની 38મી મિનિટે ગોલ કરીને એટલાટિકોના ચાહકોને તેની આગવી શૈલીમાં જવાબ આપ્યો હતો. ફેલિક્સે ડિસેમ્બરમાં પણ આ ટીમ સામે ગોલ કરીને બાર્સેલોનાને 1-0થી જીત અપાવવામાં મદદ કરી હતી. છેલ્લી સિઝનમાં, અણબનાવ પછી, એટલાટિકોએ તેને બાર્સેલોનાની સાથે ટ્રેડ કર્યો હતો.

# તુર્કીમાં ફૂટબોલ મેચ બાદ પ્રેક્ષકો અને ખેલાડીઓ વચ્ચે ઘર્ષણ, 12ની અટકાયત

**ફેનરબાહસેના** ખેલાડીઓએ તુર્કીશ સુપરલીગ મેચમાં ટ્રેબ્ઝોન્સપોરને હરાવ્યા પછી સ્થાનિક ટીમના ચાહકો મેદાનમાં ઘુસી આવ્યા



અંકારા, તા. 18 : તુર્કીના ટોચના સ્તરના સ્થાનિક ફૂટબોલમાં, ટ્રેબ્ઝોન્સપોર ક્લબના ચાહકોએ હાર બાદ મેદાન પર હુમલો કરીને મુલાકાતી ટીમ ફેનરબાહસેના ખેલાડીઓ સાથે હિંસક અથડામણ કરી હતી. ફેનરબાહસેના ખેલાડીઓએ રવિવારે તુર્કીશ સુપરલીગ મેચમાં ટ્રેબ્ઝોન્સપોર સામે 3-2થી જીતની ઉજવણી શરૂ કરતાની સાથે જ ઘરઆંગણેની ટીમના ચાહકો મેદાનમાં આવી ગયા હતા. ત્યારબાદ ફેનરબાહસેના ખેલાડીઓ અને પ્રેક્ષકો વચ્ચે હિંસક અથડામણ થઇ, રાજ્ય સંચાલિત અનાડોલુ એજન્સીએ અહેવાલ આપ્યો. આ દરમિયાન સુરક્ષા કર્મચારીઓએ ખેલાડીઓને ડ્રેસિંગ રૂમ સુધી પહોંચવામાં મદદ કરી હતી.

ગૃહ પ્રધાન અલી યર્લિકાયાએ સોમવારે X પર લખ્યું કે પોલીસે હિંસા સંદર્ભે 12 લોકોની અટકાયત કરી છે. યેરલિકાયાએ જણાવ્યું હતું કે અટકાયત કરાયેલા લોકોમાં તે વ્યક્તિનો પણ સમાવેશ થાય છે જેણે મેચ દરમિયાન ફેનરબાહસેના કોચ ઇસ્માઇલ કારતલ પર પથ્થર ફેંક્યો હતો. આમાં મેદાન પર હુમલો કરનાર પ્રથમ દર્શક અને ખૂણાના ધ્વજને ખેંચનાર અને ખેલાડીઓ તરફ આક્રમક રીતે દોડનારનો પણ સમાવેશ થાય છે.

**અનુસંધાન** ... પાના પહેલાનું

### દિલ્હી ડાયરી...

એક પ્રકારનો મધ્યસ્થી જેણે તેમની પાર્ટી કોંગ્રેસને આપ સાથે બેઠક વહેંચણીની સમજણ સુધી પહોંચવામાં મદદ કરી છે.

**નવી દિલ્હીના અધિકારીઓને ગૂગલ ફોર્મ ભરવાનું કહેવામાં આવ્યું!**

જ્યારે ઇમારતો હજી બાંધકામ હેઠળ છે ત્યારે સરકારી કચેરીઓને નવા સામાન્ય કેન્દ્રીય સચિવાલયમાં સ્થળાંતરિત કરવાની તૈયારીઓ શરૂ થઇ ગઇ છે. નવી દિલ્હીના નિર્માણ ભવનમાં આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય અને આરોગ્ય સહિતના કાર્યાલયોને તેની એ વિગતો આપવા માટે કહેવામાં આવ્યું છે કે, તેઓ કેવી રીતે કામ પર આવે છે જેથી નવી ઇમારતોમાં પાર્કિંગની વ્યવસ્થા કરી શકાય. એવું જાણવા મળ્યું છે કે અધિકારીઓને તાજેતરમાં એક ગૂગલ ફોર્મ ભરવાનું કહેવામાં આવ્યું છે જેમાં એ વિગતો છે કે તેઓ ક્યાંથી આવે છે, જો તેઓ વ્યક્તિગત વાહન (ફોર-અથવા ટૂ-વ્હીલર) અથવા જાહેર પરિવહનનો ઉપયોગ કરે છે અને લાસ્ટ માઇલ કનેક્ટિવિટી શું છે. આ ઉપલબ્ધ માહિતીના આધારે નવી ઇમારતોમાં પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવશે. તે ખૂબ જ વિચિત્ર છે કે આવવા-જવા વિશે આવી જાણકારી અધિકારીઓ અને કર્મચારીઓ પાસેથી મેળવવામાં આવી રહી છે. તેના બદલે આગામી વર્ષોમાં જરૂરિયાતને પહોંચી વળવા માટે પાર્કિંગની જગ્યાઓ માટે વિશાળ પાર્કિંગ જગ્યાઓ સાથે ભવિષ્યની યોજના તૈયાર કરવી જોઈએ. આ એક અનિચ્છનીય અને રૂઢિચુસ્ત અભિગમ છે. કારણ કે, અધિકારીઓ દ્વારા પરિવહનના સાધનોનો ઉપયોગ કરવો એ સ્થિર ઘટના નથી. તે સમયાંતરે બદલાતી રહે છે.

**મુખ્ય મંત્રીઓ યાદવ અને શર્મા સાથે સેલ્ફી લેવા માટે પડાપડી**

દિલ્હીમાં તાજેતરમાં યોજાયેલી ભાજપની રાષ્ટ્રીય પરિષદની બેઠકમાં ચાના વિરામ દરમિયાન મધ્યપ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવને તેમની સાથે સેલ્ફી લેવાનો પ્રયાસ કરી રહેલા પ્રતિનિધિઓએ ઘેરી લીધા હતા. રાજસ્થાનના મુખ્ય પ્રધાન ભજનલાલ શર્મા સાથે પણ આવું જ થયું હતું. તેનાથી વિપરીત, મધ્યપ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણ મોટા ભાગે એક ખૂણામાં એકલા બેઠેલા અને કેટલીકવાર તેમની આસપાસના કેટલાક પ્રતિનિધિઓ સાથે વાતચીત કરતા જોવા મળતા હતા. રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વસુંધરા રાજે પણ મીટિંગ દરમિયાન હાજર રહેલા પ્રતિનિધિઓ અને અન્ય લોકોનું ધ્યાન ખેંચવામાં નિષ્ફળ રહ્યા. જેમ તેમના રાજ્યના નવા મુખ્ય પ્રધાને આકર્ષિત કર્યા હતા.

### કોલકાતામાં નર્માણાધીન...

ઈમારત બનાવવામાં આવી રહી હતી ત્યાં બચાવ કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. જ્યારે બિલ્ડિંગના પ્રમોટર મોહમ્મદ વસીમની ધરપકડ કરવામાં આવી હતી. મેયરે કહ્યું હતું કે, કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ શહેરના પશ્ચિમ પરિઘમાં અઝાન મોલ્લા લેન ખાતે બિલ્ડિંગ ધરાશાયી સ્થળની મુલાકાત લીધી હતી અને સ્થાનિકોને ગેરકાયદે બાંધકામ સામે સખત પગલાં લેવાની ખાતરી આપી હતી. હકીમે જણાવ્યું હતું કે, એક ભયાનક દુર્ઘટનામાં નિર્માણાધીન પાંચ માળની ઈમારત મધ્યરાત્રિએ તૂટી પડી હતી.

### અજમેરમાં સાબરમતી-...

ઊતરી ગયા હતા. લગભગ મોડી રાત્રે 1 વાગ્યે બનેલી આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. તેઓએ જણાવ્યું હતું કે, એક્સપ્રેસ ટ્રેન આગ્રા તરફ જઈ રહી હતી.

ઉત્તર પશ્ચિમ રેલવે (એનડબ્લ્યુઆર) ઝોનના ચીફ પબ્લિક રિલેશન ઓફિસર શશિ કિરણે જણાવ્યું હતું કે આ ઘટના ત્યારે બની જ્યારે ટ્રેન અજમેર સ્ટેશનને પાર કરી ગઈ હતી અને તે મદાર સ્ટેશને પહોંચવાની તૈયારીમાં હતી. પાટા પરથી ઊતરવાનું કારણ હજી સુધી જાણી શકાયું નથી. કોઈ ઈજા કે જાનહાનિના અહેવાલ નથી. દિલ્હી તરફ અપ/ડાઉન દિશામાં ટ્રેનની અવરજવર શરૂ થઈ ગઈ છે. અમે ઉત્તર પ્રદેશ દિશામાં પણ સેવાઓ શરૂ કરવાના છીએ એમ અધિકારીએ ઉમેર્યું હતું.

એનડબ્લ્યુઆરએ અજમેર સ્ટેશન પર હેલ્પડેસ્કની સ્થાપના કરી છે અને ટ્રેનના મુસાફરોના સંબંધીઓ માટે હેલ્પલાઈન નંબર - 0145-2429642 - પણ બહાર પાડ્યો છે. એમ અધિકારીએ જણાવ્યું હતું. કિરણે જણાવ્યું હતું કે, ''છ ટ્રેનો રદ કરવામાં આવી છે અને બે ટ્રેનોને અન્ય રૂટ પર ડાયવર્ટ કરવામાં આવી છે.''

### રાજકીય પક્ષોએ...

કોઈ પણ નામ વગર પોસ્ટ દ્વારા પ્રાપ્ત થયા હતા.

તૃણમુલ કોંગ્રેસે કહ્યું હતું કે પક્ષની ઓફિસમાં 'ડ્રોપ બોક્સ'માં ચૂંટણી બોન્ડ નાંખી દેવામાં આવ્યા હતા. પક્ષે કહ્યું હતું વિવિધ લોકો પક્ષને ટેકો આપવા માગતા હતા તેમણે મેસેન્જરના મારફતે ચૂંટણી બોન્ડ મોકલાવ્યા હતા તેમાંના કેટલાંક પોતાનું નામ જાહેર કરવા માગતા ન હતા.